ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૫૬/૧૮-૧૯/ 4126 તારીખ: 15 SEP 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૫૬/૧૮-૧૯**

પ્રતિ,
શ્રી જીણાભાઈ હરિભાઈ ડાભી,
સર્વે નં.૨૫/૫/પૈ.૧/પૈ.-૧,
મુ.ભંડાર, તા.ઘોઘા.
જી.ભાવનગર.

**વિષય: ખેતીવાડી વીજ વપરાશના કનેકશન બાબત.**

સંદર્ભ: (૧) આપનો પત્ર તા.૧૩-૦૬-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૧૮-૧૯/૨૭૬૬ તા.૨૧/૦૬/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૧૮-૧૯/૩૮૨૭ તા.૨૭/૦૮/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.બી.સોલંકી)
કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગ્રામ્ય-ભાવનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૫૬/૧૮–૧૯**

વાદી :– શ્રી જીણાભાઈ હરિભાઈ ડાભી

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજૂઆતની તારીખ**:– ૦૭/૦૯/૨૦૧૮

હાજર રહયા :– શ્રી જીણાભાઈ હરિભાઈ ડાભી

પ્રતિવાદી :– શ્રી એન.કે. ચુડાસમા - કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય–વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જીણાભાઈ હરિભાઈ ડાભી, મુ.ભંડાર, તા.ઘોઘા, જી.ભાવનગર ની ખેતીવાડી વીજ વપરાશના કનેકશન બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૬ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૫૬/ ૧૮–૧૯/ ૨૭૬૬ તા.૨૧/૦૬/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.કે. ચુડાસમા - કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય–વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજૂઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અરજદારશ્રી જીણાભાઇ હરિભાઈ ડાભી, રહેઃ ભંડાર ની રજૂઆત મુજબ તેઓ દ્વારા ભંડાર ગામના રે.સ.નં. ૨૫/૫ પૈકી ૧/પૈકી૧ માં રૂ. ૨૦૦/- ભરપાઈ કરી સામાન્ય યોજના હેઠળ તા:૯/૪/૨૦૧૨ માં નવા ખેતીવાડી વીજ જોડાણની માંગણી કરેલ.

૧.૨ ત્યારબાદ તેમનો વારો આવતા નવા ખેતીવાડી વીજ કનેકશન માટેનું અંદાજપત્ર તેમને આપેલ હતું.



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ જેની ભરપાઈ કરવા જતા જીણાભાઇ હરિભાઈ ડાભી ના નામે લેણું બાકી નીકળતું હોય અંદાજપત્ર ના નાણા પેટા વિભાગીય કચેરી દ્વારા સ્વીકારેલ ન હતા.

૧.૪ સદર વીજ ચોરી તેમના શેઢા પડોશી શ્રી બુધાભાઈ કાળુભાઈ સરવૈયા દ્વારા કરવામાં આવેલ હતી અને નામ જીણાભાઇ હરિભાઈ ડાભી લખાવેલ હતું આથી વીજ ચોરી ના નાણા ની ભરપાઈ જીણાભાઇ હરિભાઈ ડાભી દ્વારા કરેલ ન હતા.

૧.૫ ત્યારબાદ શેઢા પાડોશી શ્રી બુધાભાઈ કાળુભાઈ સરવૈયા દ્વારા સદર વીજ ચોરીના દંડ ના નાણા ભરપાઈ કરેલ હતા પરંતુ અંદાજપત્ર ના નાણા ભરવાની મુદ્દત પૂરી થઇ ગયેલ હોવાથી જીણાભાઇ હરિભાઈ ડાભી ના અંદાજ પત્ર ના નાણા પેટા વિભાગીય કચેરી દ્વારા સ્વીકારેલ ન હતા.

☛ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી જીણાભાઇ હરિભાઈ ડાભી, રહેઃ ભંડાર ની રજૂઆત મુજબ તેઓ દ્વારા ભંડાર ગામના રે.સ.નં. ૨૫/૫ પૈકી ૧/પૈકી૧ માં રૂ. ૨૦૦/- ભરપાઈ કરી રસીદ નં:૩૭૬૯૧૩૪ થી સામાન્ય યોજના હેઠળ તા:૯/૪/૨૦૧૨ માં નવા ખેતીવાડી વીજ જોડાણની માંગણી કરેલ.

૨.૨ કંપની નિયમોનુસાર સદર નવા ખેતીવાડી વીજ કનેક્શન નો વારો આવતા સર્વે નં: ૨૫/૫ પૈકી ૧/પૈકી૧ માં સર્વે કરી તા:૨૩/૬/૨૦૧૫ ના રોજ પત્ર નં:૧૧૭૫ થી સદર અરજદારને અંદાજપત્ર પાઠવેલ, કે ભરવાની અંતિમ તારીખ ૩૦/૭/૨૦૧૫ હતી.

૨.૩ ત્યારબાદ અંદાજપત્ર ના નાણા સ્વીકારતા પહેલા અરજદાર નુ બાકી લેણું ચકાસતા શ્રી જીણાભાઇ હરિભાઈ ડાભી ના નામથી રૂ.૧૧,૪૬૭.૪૦/- નુ લેણું બાકી નીકળતું હતું. જે લેણું તા: ૨૧/૧/૨૦૦૯ ના રોજ અરજદાર ને ત્યાં વીજ ચેકીગ કરાતા વીજ ચોરી પેટે નુ જે બીલ પાઠવવામાં આવેલ હતું તેની રકમ હતી.

૨.૪ સદર વીજ ચોરી ના નાણા ની ભરપાઈ અરજદાર દ્વારા અંદાજપત્ર ની અંતિમ તારીખ સુધીમાં ભરેલ ન હતા, તેમજ સદર અંદાજપત્ર ભરપાઈ ની મુદ્દત વધારા માટેની અરજી પણ અરજદાર દ્વારા પેટા વિભાગીય કચેરીમાં કરેલ ન હતી.

૨.૫ ત્યારબાદ અરજદાર દ્વારા ઉપરોક્ત વીજચોરી ના નાણા રસીદ નં: ૫૪૮૫૨૦ અને ૫૪૫૨૫૩ થી તા: ૪/૧/૨૦૧૮ અને ૨/૧/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ હતા, કે જે અંદાજપત્ર ભરપાઈ ની અંતિમ તારીખ બાદ લગભગ ૨ વર્ષ ને ૬ માસ વીતી ગયા બાદ ચુકવવામાં આવેલ.

૨.૬ આમ, અરજદારશ્રી જીણાભાઇ હરીભાઈ ડાભી ને પાઠવવામાં આવેલ અંદાજપત્ર ની ભરપાઈ કરવાનો સમય એક વર્ષ કરતા પણ વધુ વીતી ગયેલ હોવાથી પેટા વિભાગીય કચેરી દ્વારા સદર અંદાજપત્ર સ્વીકારેલ ન હતું.

૨.૭ વધુમાં સદર અરજદાર ની માંગણી જૂની હોય અને ખેતીવાડી કનેક્શન ની અરજદાર ને જરૂર હોય સદર કનેક્શન અરજદાર ને મળી રહે તે માટે ની ભલામણ કરવામાં આવે છે.

--3--

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી... ગામ ભંડાર ખાતે તા.૦૯–૦૪–૧૨ ના રોજ નવા ખેતીવાડી વીજ

૩.૧ વાદી અરજદાર શ્રી જીણાભાઈ હરિભાઈએ ગામ ભંડાર ખાતે તા.૦૯–૦૪–૧૨ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજી **નોંધણી** કરાવેલ. જે માટે પ્રતિવાદી ધ્વારા તા.૨૩–૦૬–૧૫ ના રોજ વાદીને અંદાજપત્ર આપેલ. જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૩૦–૦૭–૧૫ હતી.

૩.૨ વાદીની **અંદાજપત્ર આપ્યા** બાદ તે ભરપાઈ કરવા સમયે પ્રતિવાદી વાદી સામે રૂા.૧૪,૪૬૭–૪૦ ની બાકી **નીકળતી લહેણી** રકમ કાઢેલ છે અને ફોરમને જણાવેલ છે કે ૨૦૦૯ ની સાલમાં વાદીનું સ્થળ પર વીજ ચેકીગ **કરતા વીજ ચોરી**નું બીલ આપવામાં આવેલ, આથી વાદીનું અંદાજપત્ર સ્વીકારેલ નહી.

૩.૩ **વાદીએ** ફોરમને લેખીત તેમજ મૌખીક જાણ કરેલ છે આ વીજ ચોરી ખરેખર બુધાભાઈ કાળુભાઈ ની વાડીમાં **થયેલ જે** વાડી મારી વાડીની બાજુમાં છે. આમ છતાં વીજ ચોરીનું બીલ બુધાભાઈ ધ્વારા ભરપાઈ કરવામાં સમય **થયેલ** જે અંતે જાન્યુઆરી ૧૮ માં પુરેપુરુ ભરપાઈ કરેલ.

૩.૪ પ્રતિવાદીએ અંદાજપત્ર આપતા પહેલા વાદી સામે કોઈ લ્હેણી રકમ હોઈ તો તે જણાવવી જોઈએ અને તે ભરપાઈ થયા બાદ અંદાજપત્ર કાઢવુ જોઈએ જેથી કરીને આ પ્રકારનાં સમય મર્યાદા વિતી જવાના પ્રશ્નો ઉપસ્થીત થાય નહી.

૩.૫ પ્રતિવાદીએ ફોરમને કરેલ રજુઆતમાં વાદીને કનેકશન મળી રહે તે અંગેની ભલામણ કરેલ છે.

૩.૬ તારણ નં.૩.૪ અને ૩.૫ મુજબ વાદીને અંદાજપત્ર આપવુ જોઈએ જેથી વાદીની ૨૦૧૨ થી લાંબા સમયની અરજીથી માંગણીનો નિકાલ થઈ શકે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે" તારણ નં.૩.૪ અને ૩.૫ તથા ૩.૬ ને ધ્યાને લઈ હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ આ હુકમ મળ્યેથી દિવસ–૧૫ માં નવુ અંદાજપત્ર વાદીને આપવું."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૦૭/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar